
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, આ વખતે તમે એસએસસીનું ફોર્મ ભરી જ દો... આવતી સાલ પરીક્ષા નહી લેવાય તો તમે એમને એમ જ પાસ થઈને ભણેલા મંત્રીની કક્ષામાં આવી જશો...!!

# "તમે અમારા નોકર છો, અમે તમારા નહી" કહીને સરગાસણ પાસે મહિલાએ પોલીસ જવાનને લાફો માર્યો

## નાઈટ કર્ફ્યુમાં મા-દિકરાની દાદાગીરી, ઈન્ફોસીટી પોલીસની કાર્યવાહી

ગાંધીનગર, તા. ૮

શહેરમાં કોરોનાનો કહેર ઓછો થયો છે. પરંતુ નાઈટ કર્ફ્યુ હજુ પણ યથાવત રહ્યો છે. ત્યારે ગઈરાત્રીના સમયે સરગાસણ વિસ્તારમાં હોબાળો થયો હતો. જેમાં નાઈટ કર્ફ્યુ સમયે કારમાં સવાર મા-દિકરાને પોલીસે રોકતા મહિલાએ પિત્તો ગુમાવ્યો હતો. જેને પગલે મહિલાએ તમે અમારા નોકર છો, અમે તમારા નોકર નથી તેમ કહીને હોમગાર્ડ જવાનને લાફો મારી દીધો હતો. તો બીજી તરફ દિકરાએ તાંડવ કરતા માહોલ ગરમાયો હતો. જેથી સરગાસણ વિસ્તારમાં રહેલા અન્ય પોલીસ કર્મચારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા. ઈન્ફોસીટી પોલીસે મા-દિકરા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાત્રી કર્ફ્યુની અમલવારી માટે સરગાસણ પ્રમુખનગર કટ પાસે ગતરાત્રીના સમયે ઈન્ફોસીટી પોલીસ મથકના લોકરક્ષક પ્રકાશભાઈ પ્રહલાદભાઈ, હોમગાર્ડ પિનાકીન ગોંવિદભાઈ અને અલ્પેશ અમૃતભાઈ ફરજ પર હાજર હતા. કર્ફ્યુને પગલે બેરીકેટસ લગાવી માર્ગ બંધ કરી દીધો હતો. ત્યારે રાત્રીના સાડા અગીયાર વાગે ખ-૦ તરફથી જી.જે.૦૧.કે.જી.-૪૭૧૨ આવી હતી. કારમાંથી એક મહિલા નીચે ઉતરીને બેરીકેટ્સ હટાવી દેવાની માંગ કરી હતી.

જેથી ફરજ પરના જવાનોએ ઘરમાંથી બહાર નીકળવાનું કારણ પુછતા મહિલા ઉશ્કેરાઈ ગયા હતા અને તમે અમારા નોકર છો અમે તમારા નોકર નથી કહીને.. પોલીસ જવાનને લાફો મારી દીધો હતો. ત્યારબાદ મા-દિકરો પોલીસને જોર જોરથી ગાળાગાળી કરતા હતા. જેથી સરગાસણ ચોકડી થી અન્ય પોલીસ કાફલો આવી ગયો હતો. ઈન્ફોસીટી પોલીસ મથકે લાવી નામ પુછતા તૃષાબેન નિમેશભાઈ શાહ તેમજ તેમનો દિકરો હર્ષ શાહ (રહે. મારુતિ આમ્રકુંજ એ-૩૦૩) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે મા-દિકરા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયત કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીની સામાન્ય સભા ૨૫-૭-૨૧ના રોજ મળશે.
- અગાઉ મુલ્તવી રહેલ જિલ્લા નાગરિક પુરવઠા સલાહકાર સમિતિની આજે બેઠક યોજાશે.
- જિલ્લા આયોજન મંડળની કાર્યવાહક સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળશે.
- મ્યુકરમાઈકોસીસથી પિડીત એક દર્દીનું આજે દુઃખદ અવસાન થયુ છે.
- ૧૫મી જુને ગાંધીનગરમાં ભાજપના ધારાસભ્યોની બેઠક યોજવામાં આવી છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૮૭૭ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત ભાજપના ચૂંટાયેલા સભ્યોની આજે અવિધિસરની બેઠક પંચાયત પ્રમુખની ચેમ્બરમાં મળી હતી.
- સે. ૨૫ જીઆઈડીસીના રોડ પર પાણી ભરાઈ જતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

# મહાનગર ભાજપ દ્વારા આયોજિત 'મેગા બલ્ડ ડોનેશન કેમ્પ'માં કુલ ૬૬૩ યુનિટ બ્લડ એકત્રિત થયું

ગાંધીનગર, તા.૮

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર દ્વારા થેલેસેમિયાગ્રસ્ત બાળકોની સારવાર માટે સહાયરૂપ થવાના હેતુથી ૬, ૭ અને ૮ જૂન એમ ત્રિદિવસીય 'મેગા રકતદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું જેને પાટનગરવાસીઓનો નોંધપાત્ર જનપ્રતિસાદ સાંપડ્યો હતો. ત્રણ દિવસમાં કુલ ૭૪૭ નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું જેમાંથી ૮૪ નાગરિકો રક્તદાન માટેની મેડિકલ ગાઈડલાઈનમાં ફિટ ન થવાને કારણે રક્તદાન કરી શક્યા ન હતા. આમ, ત્રણ દિવસમાં રકતદાતાઓના મહાદાનથી પ્રથમ દિવસે ૨૩૭, બીજા દિવસે ૧૯૦ અને ત્રીજા દિવસે ૨૩૬ એમ કુલ ૬૬૩ યુનિટ બ્લડ એકત્રિત થયું છે.



આજરોજ 'મેગા રક્તદાન શિબિર'ના અંતિમ દિવસે પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો.પ્રશાંત કોરાટે વોર્ડ ન.૧૦ખાતે કેમ્પના સ્થળની મુલાકાત લીધી હતી. આ સમયે યુવા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ હર્ષ પટેલ, મનીષ સંઘાણી, મંત્રી સત્યદીપસિંહ પરમાર તેમજ મહાનગર યુવા મોરચાની ટીમ ઉપસ્થિત રહી હતી. મહાનગરના પ્રભારી મોહનલાલ પટેલ, શહેર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પ્રદેશ યુવા મોરચાના મંત્રી સત્યદીપસિંહ પરમાર, શહેર યુવા મોરચાના પ્રમુખ યુવરાજસિંહ ચાવડાએ વોર્ડ ન. ૫, ૬, ૮, ૯ અને ૧૦માં રક્તદાન કેમ્પના સ્થળની મુલાકાત લઈ રક્તદાતાઓને પ્રોત્સાહન પૂરું પાડી તેમના આ સેવાકાર્યને બિરદાવ્યું હતું.

## શહેરના યુવકનો ખોરજ નર્મદા કેનાલમાં આપઘાત

શહેરના ન્યુ વાવોલ ખાતે સંકલ્પ રેસીડેન્સી ખાતે રહેતા શાકભાજીના યુવાન વેપારીએ ગતરોજ ખોરજ નર્મદા કેનાલમાં કુદીને મોત વ્હાલુ કર્યું હતું. યુવકે કયા કારણોસર આપઘાત કર્યો તે અંગે ચોક્કસ કારણ જાણી શકાયુ નથી. અડાલજ પોલીસ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વાવોલ-ઉવારસદ ખાતે સંકલ્પ રેસીડેન્સી ખાતે રહેતા ભોગીલાલ પટેલના પરિવારમાં પત્ની અને બે દિકરા છે. જેમાં મોટો દિકરો ૨૮ વર્ષિય વિપુલ તેમજ નાનો દિકરો નવનીત છે.જયારે વિપુલ શહેર ખાતે બ્લુ બેલ એકઝોટીક ખાતે શાકભાજીનો વેપાર કરતો હતો. સોમવારના રોજ વિપુલ ઘરેથી બાઈક લઈને કોઈને કંઈ કહ્યા વિના નીકળ્યો હતો. પરિવારજનો તેમજ સગા-સ્નેહીજનોએ તેની શોધખોળ આદરી હતી. તે સમયે વિપુલનું બાઈક ખોરજ નર્મદા કેનાલ પાસેથી મળી આવ્યું હતું. જેથી પરિવારજનો પણ કેનાલ ખાતે દોડી આવ્યા હતા.તરવૈયા બોલાવી કેનાલમાં તપાસ કરવા છતા વિપુલનો પત્તો લાગ્યો ન હતો. જેથી ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર જવાનો અને તરવૈયાઓની મદદથી કલાકો સુધી કેનાલમાં શોધખોળ કરતા વિપુલનો મૃતદેહ મળી આવ્યો હતો.



**બીજી લહેર પછી સેનેટાઇઝર ડિસ્પેન્સર મશીનનો ઉપયોગ વધ્યો**

કોરોના મહામારીની બીજી લહેર ઘાતક સાબિત થતાં હવે ગાંધીનગર કલેકટર કચેરી ખાતે ભોંયતળિયે લગાવવામાં આવેલા ઓટોમેટિક સેનેટાઈઝર ડિસ્પેન્સર મશીનનો મુલાકાતીઓ મોટી સંખ્યામાં સંક્રમણથી બચવા ઉપયોગ કરતા થઈ ગયા છે. અહીં મામલતદાર કચેરી, જનસેવા ઉપરાંત પુરવઠા કચેરી, ખાતે સ્ટેમ્પ ડ્યુટી સહિત કલેકટર કચેરીમાં કામ અર્થે આવતા મુલાકાતીઓનો ધસારો એટલો હોય છે કે આ મશીન જલ્દી ખાલી થઈ જાય છે તેથી તેને પુનઃ ભરવાની પણ પૂરતી કાળજી સ્ટાફ દ્વારા રાખવામાં આવે છે.

## સેક્ટર-૨૯ માં ઉભરાતી ગટરોનો અંત આવ્યો

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૯ માં વારંવાર ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જેનો પગલે કોર્પોરેટર રોશનબેન યુસુફભાઈ પરમાર દ્વારા તંત્ર સમક્ષ રજુઆત કરી તાત્કાલિક ઉભરાતી ગટરોની સમસ્યા દૂર કરવા જણાવ્યુ હતુ. જેથી તંત્ર દ્વારા જેટીંગ મશીન દ્વારા ગટરોની સફાઈ કરી નિરાકરણ લાવવામાં આવ્યુ હતુ. પરંતુ આ સમસ્યાનું કાયમી ધોરણે નિરાકરણ આવે તેમ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

# કોરોનામાં મૃત્યુ પામનાર પત્રકારોને ૧૦ લાખ સહાય આપવા માગણી

**લોકોને મહામારીની દરેક અપડેટ રાખતા પત્રકારોની ઉપેક્ષા : પત્રકારોને પણ વોરિયર્સ ગણીને તેમના પરિવારને સહાય ચુકવવા પત્રકારોની માગ, કોરોનાથી ૫૨ પત્રકારોના મોત**

ગાંધીનગર, તા. ૮

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનારા કોરોનાએ દેશમાં મોટી સંખ્યામાં પત્રકારોનો પણ ભોગ લીધો છે. આ મહામારીમાં રાજ્યના ૫૨ પત્રકારોનાં મોત થયા છે. કમનસીબે કપરા સમયમાં પોતાની જાવની પરવા કર્યા વિના દેશના નાગરિકોની સેવામાં સતત ખડા રહેતા પત્રકારોને કોરોના વોરિયર્સને મળવું જોઈએ એ કક્ષાનું સન્માન પ્રાપ્ત થયું નથી. એટલું જ નહીં આ દરમિયાન અનેક પત્રકાર પરિવારની આર્થિક સ્થિતિ ખૂબજ કથળી ગઈ છે ત્યારે પત્રકારોનાં હિત માટે દેશભરમાં લડત ચલાવતા પત્રકાર સંગઠ્ન અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવી કોરોના કાળમાં મોત ને ભેટેલા પત્રકારોનાં પરિવારજનો ને દસ લાખની તાત્કાલિક સહાય આપવા માગ કરવામાં આવી છે. કોરોનામાં પત્રકારોના મોત અંગે દિલ્હીની એક સમાચાર સંસ્થાયે યાદી પણ બેબસાઈટમાં પ્રસિદ્ધ કરી છે. જોકે છતાં પત્રકારોના પરિવારો આર્થિક સહાયથી વંચિત છે. મળતી માહિતી પ્રમાણે પત્રકારોના કુટુંબમાં પણ ૩ ગણા મોત થયા હોવાની શંકા વ્યક્ત કરાય છે. વળી એક અંદાજ પ્રમાણે ૨૫ ટકા પત્રકારોને કોરોના થયો છે. તેમાંએ વરિષ્ઠ પત્રકારોની સંખ્યા મોટી છે. કુટુંબના સભ્યોને પણ કોરોનાના રોગચાળામાં સપડાયા છે. આવી સંખ્યા ૩ હજારથી ઓછી નથી.

પત્રકારોને કોરોના વોરીયર્સ તરીકે ગણીને કેન્દ્ર સરકાર અને દેશની બીજી સરકારોએ રાહત પેકેજ જાહેર કર્યા છે પણ ગુજરાત સરકારે એવું કંઈ કર્યું નથી. તેથી પત્રકારોની લાગણી છે તે ગુજરાતની વિજય રૂપાણીની સરકાર આ અંગે ઉદાર અભિગમ રાખી સહાય જાહેર કરે. તે માટે કેન્દ્ર સરકાર અને રાજસ્થાન સરકારને મોડેલ બનાવી શકે છે. સરકાર મીડિયા સાથે સીધી રીતે સંકળાયેલા, રિપોર્ટરથી લઈને ડેસ્ક પર કામ કરનારા તમામ પત્રકારોને આ સહાયમાં આવરી લે એવી માગણી કરવામાં આવી છે.

માહિતી ખાતા દ્વારા ૩૩ જિલ્લા અને ૮ શહેરોમાં કોરોનાથી અવસાન પામેલા પત્રકારોની સત્તાવાર વિગતો મેળવવી જોઈએ. સાપ્તાહિક કે કોઈ અવધીના સમાચાર પત્રો હોય. વેબસબાઈટ, ટીવી, રેડિયો, છાપાના કોઈ પણ વિભાગમાં કામ કરતાં સ્ટાફમાંથી કોઈના અવસાન થયા હોય તો તેની વિગતો મેળવીને તેમને સહાય કરવી જોઈએ.

જે પત્રકારોએ કોરોનાની તબીબી મદદ કે સારવાર કે સર્જરી કરાવેલી હોય તે તમામને રાજ્ય સરકાર ઉદાર હાથે મદદ કરવી જોઈએ એવી માગણી પત્રકારો દ્વારા કરવામાં આવી છે. જે પત્રકારોના અવસાન થયા છે તે જે સંસ્થામાં કામ કરતાં હોય તે સંસ્થા તરફથી તેમને વળતર કે ખર્ચ આપવામાં આવે. તેની વિગતો સરકારે મેળવીને મજૂર કાયદાનો અમલ કરવા માટે યોગ્ય પગલાં લેવા જોઈએ. આવી સંસ્થાઓ કલ્યાણકારી યોજના બનાવે, એવી લાગણી પણ પત્રકારો વ્યક્ત કરી રહ્યાં છે. જે પત્રકારોની નોકરી ગઈ છે તેમને સરકાર બેકારી ભથ્થું આપવું જોઈએ. રાજયમાંથી વિગતો એકઠી કરવા માટે જે પત્રકારોએ અપીલ કરી હતી તેમાં કિરીટ ગણાત્રા, દિલીપ પટેલ, હરિ દેસાઈ, ઈશુદાન ગઢવી, શ્યામ પારેખ, ધીમંત પુરોહીત, વિક્રમ વકિલ, ભાર્ગવ પરીખ અને ગોપી મણીયારનો સમાવેશ થાય છે.

આ મુદ્દે મુખ્ય પ્રધાન વિજય રૂપાણી, ભાજપના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી, માહિતી ખાતાના સચિવ સમક્ષ પત્રકારોએ વ્યક્તિગત અને સંગઠનો દ્વારા રજુઆત કરવામાં આવી છે. હવે દરેક જિલ્લામાં પત્રકારો રજુઆત કરશે. તેઓ પત્રકારોની સુરક્ષા માટે સરકાર કાયદો લાવે અને આરોગ્યની સુવિધા અંગે અગાઉ સરકારે પરિપત્ર કરેલો છે તેને વધારે અનુકૂળ કરી યોગ્ય આદેશો કરે એવી માંગણી કરવાના છે.

# કોવિડમાં માતા-પિતા ગુમાવનાર વિદ્યાર્થીને સ્વર્ણિમ યુનિવર્સિટી સંપૂર્ણ સ્કોલરશીપ આપશે

ગાંધીનગર, તા.૮

છેલ્લા એક વર્ષ થી વધુ કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીએ સમર્ગ વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. આ રોગચાળામાં લાખો લોકોએ પોતાના સ્વજનો ને ગુમાવ્યા છે. નોકરી, ધંધા અને દેશની આર્થિક ગતિવિધિઓ પર એની વ્યાપક અસરો થઈ છે. ઘણા કુટુંબોએ પોતાના એવા સ્વજનો ગુમાવ્યા છે જે ઘરમાં એક માત્ર કમાવનાર વ્યક્તિ હોય, જેની આજીવિકા પર ઘર ના ખર્ચ અને અન્ય તમામ જવાબદારીઓ નિર્ભર હોય છે. અચાનક તેઓના નિધન થવાને લીધે પરિવારજનો પર આર્થિક બોજાનો પહાડ તૂટી પડે છે.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર હંમેશા સમાજકલ્યાણ અને વિદ્યાર્થીઓના હિતલક્ષી કાર્યો માટે અગ્રેસર રહે છે. તાજેતરમાં સ્વર્ણિમ યુનિવર્સિટી દ્વારા આ ગંભીર પરિસ્થિતિ માં એક ખુબ પ્રશંસનીય પહેલ કરી છે. યુનિવર્સિટી દ્વારા જે કુટુંબમાં એકમાત્ર કમાવનાર વ્યક્તિના કોવિડ-૧૯ રોગચાળાને લીધે થયેલા નિધન પછી તેઓના બાળકોના ભણતર, કારકિર્દી અંધારમય ના બની જાય તે હેતુ સર ડિપ્લોમા અને ડિગ્રી ના અભ્યાસક્રમો સંપૂર્ણ FREE SCHOLARSHIP (મફત શિષ્યવૃત્તિ) આપવાની જાહેરાત કરી છે.

આ સંદર્ભે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી રિષભ જૈન જણાવે છે કે, 'સ્વર્ણિમ યુનિવર્સિટી એ ભારતની પ્રથમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી છે જે ઈનોવેશન, સ્ટાર્ટઅપ ને વેગ આપવા વિદ્યાર્થીઓને ને તમામ સહાય કરે છે તથા કોર્પોરેટ સામાજિક જવાબદારી હેઠળ સમાજસેવા ના કાર્યો માટે પણ હંમેશા અગ્રેસર રહે છે. કોવિડ-૧૯ ની આ મહામારીમાં કુટુંબીજનો જેઓએ પોતાના સ્વજનો ને ગુમાવ્યા છે તેઓ માટે અમને ખુબ સહાનુભૂતિ છે અને એટલે જે એકમાત્ર કમાવનાર કુટુંબીજનના મૃત્યુ પછી તેઓના બાળકો ને ઉચ્ચ ગુણવત્તા વાળું શિક્ષણ મળી રહે તે હેતુ સર અમે ડિપ્લોમા અને ડિગ્રી ના અભ્યાસક્રમો માં તેઓ માટે ૧૦૦ ટકા FREE SCHOLARSHIP (મફત શિષ્યવૃત્તિ) મળી રહે તે અંગે નિર્ણય લીધો છે. અમારા આ પ્રયત્નો થી અમને વિશ્વાસ છે કે, અમે પરિવારજનો ના બાળકોના ઉચ્ચ શિક્ષણ લક્ષી આર્થિક બોજા ને સરળ કરી તેઓને મદદરૂપ કરી શકશું. વિદ્યાર્થીઓ સારું શિક્ષણ લઈને પગભર થાય, પોતાનું અને પરિવારજનો નું આર્થિક ગુજરાન યોગ્ય રીતે કરી શકે અને સમાજ માં એક જવાબદાર નાગરિક બને એ દ્રષ્ટિકોણ થી અમે વિદ્યાર્થીઓ ના ભાવિ માટે આ નિર્ણય લીધો છે.'

માસ્ક પહેરો
સત્યમેવ જયતે ગુજરાત સરકાર
PM-JAY
વેક્સિન જરૂરથી લેવી



મા/મા વાત્સલ્ય કાર્ડ હવે સરકારી હોસ્પિટલોમાં બનાવી આપવામાં આવે છે.



રાજ્ય સરકારશ્રી દ્વારા "આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના", "મા" યોજના અને "મા વાત્સલ્ય" યોજના અંતર્ગત નિયત માપદંડો ધરાવતા પરિવારોને કુટુંબદીઠ વાર્ષિક રૂ. ૫ (પાંચ) લાખ સુધીનું આરોગ્ય કવચ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવે છે.

- મા/મા વાત્સલ્ય કાર્ડ ધરાવતા લાભાર્થીઓ યોજના અંતર્ગત જોડાયેલી, માન્યતા મેળવેલી કોઇપણ સરકારી/ટ્રસ્ટ સંચાલિત/ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવી શકે છે.
- ભારત સરકારની જોગવાઈઓ મુજબ સમગ્ર રાજ્યમાં "મા-અમૃતમ્" અને "મા-અમૃતમ્ વાત્સલ્ય" યોજનાના લાભાર્થીઓને અગાઉ આખા પરિવારદીઠ એક કાર્ડ આપવામાં આવતું હતું. તેના બદલે હવે દરેક લાભાર્થીને વ્યક્તિગત ઓળખકાર્ડ આપવામાં આવશે. દા.ત. એક પરિવારમાં ૫ (પાંચ) વ્યક્તિ હોય તો આ પહેલાં ૫ (પાંચ) વ્યક્તિ વચ્ચે એક જ કાર્ડ હતું. હવે પરિવારના પાંચ જણને અલગ-અલગ વ્યક્તિગત કાર્ડ આપવામાં આવશે જેથી તેના ઉપયોગમાં સરળતા રહેશે.
- હાલમાં રાજ્યની સરકારી હોસ્પિટલ, CHC, PHCમાં નવા કાર્ડ કાઢવાનું શરૂ કરી દેવામાં આવેલ છે, તેથી બધા લાભાર્થી નવા કાર્ડ આ હોસ્પિટલોમાંથી કઢાવી શકશે. જ્યાં સુધી નવું કાર્ડ કાઢવામાં ના આવે ત્યાં સુધી જૂના કાર્ડ પરનો લાભ પહેલાંની જેમ જ ચાલુ રહેશે, જેથી કોઇની સારવાર અટકશે નહીં.

હું આશા રાખું છું કે "મા" યોજનાના દરેક લાભાર્થી આ માર્ગદર્શન પ્રમાણે કાર્યવાહી કરશે અને દરેક લાભાર્થી નવું કાર્ડ તાત્કાલિક મેળવી લેશે, જેથી જરૂરિયાત પ્રમાણે રૂ.૫ (પાંચ) લાખ સુધીની સારવાર વિનામૂલ્યે મેળવી શકે.
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત